## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા ખાતે પ્રિ-વોકેશનલ ટ્રેનીંગ અંતર્ગત શાળાની તેમજ ખેડૂતોની મુલાકાત

મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા ખાતે પ્રાથમિક તેમજ સેકન્ડરી શાળામાં ચાલતી પ્રિ-વોકેશનલ ટ્રેનીંગ યોજના અંતર્ગત પંચમહાલ જીલ્લાના વિવિધ તાલુકાની શાળાઓ દ્વારા અત્રેના કેન્દ્રની મુલાકાત કરવામાં આવેલ હતી. આ શાળાઓમાં શ્રી સાર્વજનિક હાઈસ્કૂલ, ઘોઘંબા, આધ્યાશક્તિ વિદ્યા મંદિર, કાલોલ, ઉત્તરબોડીદ્રા બુઝર્ગ પ્રાથમિક શાળા, ગોધરા, શ્રી, જવાહર આશ્રમશાળા,કાલોલ, અભરામ પટેલના મુવાડા પ્રાથમિક શાળા, ગોધરા, અછાલા પ્રાથમિક શાળા, ગોધરા તેમજ શેઠ. એમ. એલ વિદ્યા મંદિર, ખાનપુર જેવી વિવિધ શાળાના કુલ ૨૩૯ જેટલા વિધાર્થીઓ દ્વારા તા. ૦૭, ૨૧, ૨૭ અને ૨૯ માર્ચ, ૨૦૨૫ દરમ્યાન આ કેન્દ્રની મુલાકાત લીધેલ હતી.

વધુમાં તા.૦૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ આત્માપ્રોજેક્ટ અંતર્ગત છોટાઉદેપુર તાલુકાના કુલ ૯૦ જેટલા ખેડૂત મિત્રો દ્વારા તેમજ તા.૨૭ માર્ચ, ૨૦૨૫ ના રોજ ૧૦ જેટલા આત્મા, મધ્યપ્રદેશના સ્ટાફ (એ.ટી.એમ, બી.ટી.એમ) દ્વારા કેન્દ્ર ખાતે ચાલતી નવીનતમ ટેકનોલોજી વિષે જાણકારી મેળવવા મુલાકાત કરવામાં આવેલ હતી.

મુલાકાત દરમ્યાન વિધાર્થીઓને અત્રેના કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા કેન્દ્ર ખાતે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતગાર કરવામાં આવેલ હતા તેમજ મકાઈની વિવધ જાતો વિષે જાણકારી આપવામાં આવેલ હતી. આ ઉપરાંત મકાઈ પાકની વીડિઓ ફિલ્મ દ્વારા મકાઈની નફાકારક ખેતી પદ્ધતિ વિષે અવગત કરવામાં આવેલ હતા.





પ્રિ-વોકેશનલ ટ્રેનીંગ અંતર્ગત શાળાની મુલાકાત




આત્મા, પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોની મુલાકાત



આત્મા, મધ્યપ્રદેશના સ્ટાફની મુલાકાત